# કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેકનોલોજી

**આણંદ કૃષિ યુનિવર્સીટી**

**આણંદ – ૩૮૮૧૧૦**

---------------------------------------------------------------------------------------------------------------

**(૧) સંસ્થાનું સંસ્થાપન, ઉદ્દેશો, કાર્યો અને ફરજોની વિગત:**

**સ્થાપના:**

તા.૨૯.૫.૨૦૦૮ના ઠરાવથી મંજુર કરવામાં આવેલ છે. આ કોલેજ દ્વારા ચાર વર્ષ એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી કોલેજ ધ્વારા સ્નાતક બી.ટેક (એગ્રી.આઇ.ટી.) ની ડિગ્રી આપવામાં આવે છે. તથા અત્રેના મહાવિદ્યાલયમાં ચાલતા બી.ટેક ઉપરાંત એમ.ટેક નો પણ અભ્યાસક્રમ શરૂ કરવામાં આવેલ છે. મહાવિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓને શિક્ષણ સંપુર્ણ સ્માર્ટ કલાસ રૂમ જેવા આધુનીક વિજાણુ ઉપકરણો ધ્વારા આપવામાં આવે છે. શિક્ષણ ઉપરાંત સંશોધન તેમજ અન્ય પ્રવૃત્તિ ધ્વારા આ મહાવિદ્યાલયના તજજ્ઞોના જ્ઞાનનો ફેલાવો કરી જેનો લાભ છેવાડાના વ્યકિત સુધી પહોંચે તે માટે સંશોધનના વિવિધ વિષયો તેમજ આઇ.સી.ટી.નો મહત્તમ ઉપયોગ કરી જેમ બને તેમ વધુ પ્રમાણમાં કોમ્પ્યુટર ટેકનોલોજીનો ખેડૂતલક્ષી ઉપયોગ વધુમાં વધુ થાય તેવા પ્રયત્નો કરવામાં આવી રહેલ છે.

એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી સંબધિત વિવિધ તાલીમ કાયક્રમો યોજે છે. કાર્યક્રમના મુખ્ય ઉદ્દેશ કૃષિ, વેટરનરી અને પશુપાલન, ડેરી સાયન્સ, બાગાયત, મત્સ્યોદ્યોગ, કૃષિ શિક્ષકો કૃષિ યુનિવર્સિટી સ્નાતકો તાલીમ આપવા માટે છે. એન્જિનિયરિંગ, હોમ સાયન્સ વગેરે તેમના લાગતાવળગતા ક્ષેત્રમાં લાગુ કરવા માટે તેમને સક્રિય કરવા માટે. શિક્ષણ, સંશોધન અને કૃષિ યુનિવર્સિટી વિવિધ શિક્ષકો વિસ્તરણ એપ્લિકેશન માટે પર્યાપ્ત આઇટી જ્ઞાન આપવા માટે.

**હેતુ:**

કૃષિ માહિતી ટેકનોલોજી સ્નાતક અને અનુસ્નાતકની શૈક્ષણિક કાર્યક્રમો યોજે છે. B.Tech (AIT) અને ટૂંકા ગાળાના કોર્સ ચલાવવા માટે, ઓબ્જેક્ટ લક્ષી પ્રોગ્રામિંગ, કૃષિ સોફ્ટવેર, ડેટા સંચાર અને નેટવર્ક્સ, કૃષિ જ્ઞાન સાયન્ટિસ્ટ અને કૃષિ માહિતી ટેકનોલોજી વિવિધ પ્રોગ્રામિંગ અને નેટવર્કીંગ માં યુનિવર્સિટીના શિક્ષણશાસ્ત્રીઓ મદદ સમુદાય માટે યુનિવર્સિટી કાર્યક્રમો ચલાવવા માટે.

**પ્રવેશ ની લાયકાત :**

**B.Tech(AIT)**

ધોરણ-૧૨ પાસ સાયન્સ (એ ગૃપ તથા બી ગૃપ તથા એબી ગૃપ) ૪૦% (૪.૦૦ /૧૦.૦૦ જનરલ અથવા (૩૫% અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિ તથા એસ.સી.બી.સી. માટે ૪૦%) ધરાવતા આકોર્ષ માટે લાયક રહેશે.

**M.Tech(AIT)**

B.Tech (AIT), B.Tech (Agril. Engg.), BE/B.Tech (Computer Eng./ Computer Science and Engineering/ Computer Science/ I.T./ ICT ) ની સ્નાતકની પ્રવેશ માટે લાયકાત રહેશે.

**પ્રવેશની સંખ્યા :**

B.Tech માં ૪૪ વિદ્યાર્થીઓને દર વર્ષે પ્રવેશ આપવામાં આવે છે. જેમાં ૨૦ બેઠક રેગ્યુલર અને અનુસુચિત

M.Tech માં ૦૬-વિદ્યાર્થીઆને પ્રવેશ આપવામાં આવે છે.

**કાર્યક્રમની લાક્ષણિકતા :**

આ કોર્ષમાં એગ્રીકલ્ચરલ ના વિવિધ કોર્ષ તથા આઇ.ટીને લગતા વિવિધ કોર્ષનો અભયાસ કરાવામાં આવે છે. તથા વિધાથીઓને છ મહિના માટે અન્ય સંસ્થામાં તાલીમ માટે મોકલવામાં આવે છે. જયાં તેઓ વિવિધ વિષયોને લગતી માહિતી તેમજ પ્રાયોગિક રીતે તાલીમ મેળવે છે જેનો અહેવાલ તેમજ સૅમિનાર કોલેજ ખાતે કમિટી સમક્ષ પ્રેઝન્ટેશન આપવાનુ હોય છે.

**ફેકલ્ટી :**

કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેકનોલોજી ખાતે બે ડીપાર્ટમેન્ટ આવેલ છે. જેની ફેકલ્ટીની વિગત નીચે મુજબ છે.

**(૧) ડીપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેકનોલોજી**

| ક્રમ | નામ | હોદ્દો | ડીપાર્ટમેન્ટ |
|---|---|---|---|
| ૧ | ડૉ.ડી.આર.કથિરિયા | | એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેકનોલોજી |
| ૨ | ડૉ વાય.આર.ઘોડાસરા | પ્રાધ્યાપક(પી) અને વડા | એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેકનોલોજી |
| 3 | ડૉ.આર.એસ.પરમાર | પ્રાધ્યાપક(પી) | એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેકનોલોજી |
| ૪ | ડો. એમ.પી.રાજ | મદદનીશ પ્રાધ્યાપક | એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેકનોલોજી |
| ૫ | શ્રી કે.પી.પટેલ | મદદનીશ પ્રાધ્યાપક | એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેકનોલોજી |
| ૬ | ડો. ડી.કે.પરમાર | મદદનીશ પ્રાધ્યાપક | એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેકનોલોજી |

**(૨) ડીપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચરલ સાયન્સ**

| ક્રમ | નામ | હોદ્દો | ડીપાર્ટમેન્ટ |
|---|---|---|---|
| ૧ | ડૉ વી.બી.દરજી | પ્રાધ્યાપક(પી) અને વડા | એગ્રીકલ્ચરલ સાયન્સ |
| ૨ | શ્રી એન.એમ.વેગડ | મદદનીશ પ્રાધ્યાપક | એગ્રીકલ્ચરલ સાયન્સ |
| 3 | ડો. જે. વી. સુથાર | મદદનીશ પ્રાધ્યાપક | એગ્રીકલ્ચરલ સાયન્સ |
| ૪ | શ્રી વિશાલ આઇ. મેહરા | મદદનીશ પ્રાધ્યાપક | એગ્રીકલ્ચરલ સાયન્સ |
| ૫ | ડો. જી. બી. ચૌધરી | મદદનીશ પ્રાધ્યાપક | એગ્રીકલ્ચરલ સાયન્સ |

**<u>શૈક્ષણિક પ્રવાસ :</u>**

શૈક્ષણિક પ્રવાશમાં વિદ્યાર્થીઓને રાજય બહાર તથા રાજયની અંદર આઇ.ટી. તથા એગ્રીકલ્ચરલને લગતી સંસ્થાઓમાં લઇ જવામાં આવે છે. તથા તેમની મુલાકાત દરમ્યાન તેઆને વ્યાખ્યાન તેમજ આડીયોવિઝયુલ ધ્વારા તેમજ પ્રાયોગિક ધોરણે સર્વે વિદ્યાર્થીઆને સમજણ આપવામાં આવે છે. આ પ્રવાસ ૨૧ દિવસનો હોય છે. જેમાં વિદ્યાર્થીને મુખ્ય સંસ્થાઆમાં લઇ જવામાં આવ છે. તથા વિવિધ યુનિવર્સિટીઓમાં લઇ તેમને શિક્ષણ આપવામાં આવ છે.

**શૈક્ષણિક પ્રવાસ કાર્યક્રમ ઈચ્છિત પરિણામ**

1. વ્યક્તિત્વ વિકાસ
2. આત્મવિશ્વાસમાં વધારો થાય છે
3. સંયુક્ત પ્રયાસ કૌશલ વિકાસ (સમુદાય મેનેજમેન્ટ)
4. સર્જનાત્મક વિચારસરણી કલા વિકાસ
5. અસરકારક નિર્ણય
6. સમય અને રિલેશનશિપ મેનેજમેન્ટ
7. સમસ્યા અવલોકન અને શ્રેષ્ઠ / શક્ય ઉકેલ સાથે બહાર આવે છે
8. વર્તમાન ટેકનોલોજીના પ્રવાહો ઉપર પ્રભુત્વ

**<u>ઈતર પ્રવૃત્તિઓ :</u>**

વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ આંતર યુનિવર્સિટીઓમાં ઈતર પ્રવૃતિમાં ભાગ લઈ તેમની આંતરિક શકિત નો વિકાસ કરવામાં આવે છે. ઈતર પ્રવૃત્તિ જેવી કે, વકતૃત્વસ્પર્ધા, નિબંધ લેખન, નાટક, લોકનૃત્ય, ક્રિકેટ, વોલીબોલ, બેડમિન્ટન, ચેસ, ખો-ખો, કબ્બડી, કવીઝ હરીફાઈ રાખવામાં આવે છે.

❖ **<u>સંસ્થા માંથી પાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા:</u>**

| વર્ષ | વિદ્યાર્થીઓએ મેળવેલ ડિગ્રીની સંખ્યા | | | રીમાર્કસ |
|---|---|---|---|---|
| | વિદ્યાર્થીઓ | વિદ્યાર્થીનીઓ | કુલ | |
| ૨૦૧૨-૧૩ | ૨૨ | ૦૪ | ૨૬ | |
| ૨૦૧૩-૧૪ | ૧૫ | ૧૧ | ૨૬ | |
| ૨૦૧૪-૧૫ | ૧૯ | ૦૬ | ૨૫ | |
| ૨૦૧૫-૧૬ | ૯ | ૮ | ૧૭ | |
| ૨૦૧૬-૧૭ | ૬ | ૧૫ | ૨૧ | |
| ૨૦૧૭-૧૮ | ૨૪ | ૧૦ | ૩૪ | |
| ૨૦૧૮-૧૯ | ૨૫ | ૧૫ | ૪૦ | |

**સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો:-**

**<u>વિદ્યાશાખાઓના ડીન :</u>**

(૧) વિદ્યાશાખા અધ્યક્ષ તરીકેની જવાબદારી વહન કરે છે.

(૨) વિદ્યાશાખામાં હાથ ધરવામાં આવતી શિક્ષણ,સંશોધન અને વિસ્તરણશિક્ષણની પ્રવૃત્તિનું સંચાલન અને નિયંત્રણ કરવું.

(૩) વિદ્યાશાખા ને લગતા સ્ટેચ્યુટ અને વિનિયમનો યોગ્ય પાલન થાય તેની તકેદારી રાખશે.

(૪) વિદ્યાર્થીઓની પ્રગતિ અને નોંધણી ઉપર દેખરેખ રાખશે.

(૫) વિદ્યાશાખાની જરૂરિયાતો, નિતિઓ અને ધોરણો બાબતે એકેડેમીક કાઉન્સીલને ભલામણ કરશે.

(૬) સ્નાતક, અનુસ્નાતક અભ્યાસક્રમ, શિક્ષણ અને વિદ્યાર્થીઓને લગતા રેકર્ડ જાળવણી ઉપર દેખરેખ રાખે છે.

(૭) જુદા જુદા સંશોધનનું આયોજન, સંકલન અને અમલવારીની કામગીરી વિવિધ વિદ્યાશાખાધ્યક્ષાના સહયોગથી કરવાની રહે છે.

(૮) સંશોધન, અનુસ્નાતક શિક્ષણ ના કાર્યક્રમો, મિલકત, ફંડ, વહીવટી નાણાકીય નિયંત્રણ અધિકારી તરીકેની ફરજો.

(૯) નાણાકીય સહાય માટે વિવિધ પુરસ્કૃત સંસ્થાએICAR, DST, State & International Agencies સાથે લાઈઝન અધિકારી તરીકેની ફરજો બજાવે છે.

(૧૦) વિવિધ ફેકલ્ટીની એકેડમી બાબતો તથા રીસર્ચને લગતી નીતિઓ કાર્યક્રમો ઘડવાવગેરેનો ફરજો.

(૧૧)ખેડૂત ઉપયોગ સંશોધન પરિણામપ્રસિધ્ધિ માટે બુલેટિન તથા સાયન્ટિફિકજનરલ માં ખેડૂતો સમજી શકે તેવા તારણો પ્રકાશિત કરવા.

(૧૨) સંશોધન યોજનાઓ અંગે અન્ય સંસ્થાઓના કરાર કરવા.

**સંસ્થાના ઓર્ગેનાઈઝેશનલ ચાર્ટ, અધિકાર મંડળ અને સમિતિઓ નો ચાર્ટ અને ચેનલની વિગતો સામેલ છે. આણંદ કૃષિ યુનિવર્સીટીની વેબસાઈટ www.aau.in પર ઉપલબ્ધ છે.**

<u>**કર્મચારીઓની ફરજો** :</u>

આ યુનિવર્સીટીનાં કર્મચારીઓ માટે પોતાના કાર્ય ક્ષેત્રોમાં આવતાં કાર્યો માટે કોઈ સત્તા નકકી કરવામાં આવેલ નથી. પરંતુ કર્મચારી ને સોંપવામાં આવેલ કામગીરી માં અન્ય કચેરી કે જાહેર એકમ અને જનતા દ્વારા કોઈ પ્રશ્નો કે રજૂઆત આવે ત્યારે તેનું નિયમની સાથે સંકલન કરી સુસંગત કાર્યવાહી કરી ફાઇલ કે પત્ર વ્યવહાર તેમના સુપરવાઇઝર સ્ટાફ મારફતે મર્યાદામાં અધિકારી ને રજુ કરવાની ફરજ નિભાવે છે અને યુનિવર્સીટીનો વહીવટ સરળ, નિયમસર અને ઝડપી થાય તેની તકેદારી સાથે પૂર્ણ ફરજ નિભાવે છે. (કામની વહેંચણીની નકલ સામેલ છે.)

**કચેરીનો સમય નીચે મુજબ છે**:

(૧) વહીવટી કર્મચારીઓ માટે: સવારે : ૧૦-૦૦ થી સાંજના: ૦૫-૪૦ સુધી
રિશેષનો સમય: બપોરે: ૧3-00 થી બપોરના :૧3-30

(૨) શિક્ષક અને તાંત્રિક કર્મચારીઓ માટે: સવારે : ૦૯-૦૦ થી સાંજના: ૦૫-૪૦ સુધી
રિશેષનો સમય: બપોરે : ૧૨-30 થી બપોરના : ૧૪-૦૦

**(3) સંસ્થાના કામકાજ અને નિર્ણય પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપદ્ધતિ (તેમાં દેખરેખ અને માટેની ચેનલની બાબતો સમાવેશ થવો જરૂરી છે):-**

**- લાગુ પડતુ નથી.-**

**(૪) સંસ્થાના કાર્ય કરવા માટેના નિયત કરેલા ધોરણ:-**

યુનિવર્સીટીના સ્ટેચ્યુટ નંબર એસ-૧૨૧ અન્વયે પ્રાપ્ત થયેલ સત્તા અનુસાર સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી લઇ જરૂરી કામગીરી હાથ ધરવામાં આવે છે.

**(૫) સંસ્થાના કાર્ય કરવા માટે સંસ્થા દ્વારા ઘડાયેલો નિયમ, વિનિમય, સૂચનાઓ, નિયમસંગ્રહ અને રેકર્ડ:- લાગુ પડતુ નથી.-**

**(૬)** **સંસ્થા પાસેના દસ્તાવેજનો પ્રકારનું પત્રક:આણંદ કૃષિ યુનિવર્સિટીની નીચે મુજબ દસ્તાવેજની સાચવણી કરે છે:-**

(૧) યુનિવર્સીટીને રાજ્ય સરકાર દ્વારા તબદીલ કરેલ જમીન, મિલકત, અસ્કયામતોના દસ્તાવેજ અને રજિસ્ટર.

(૨) વિદ્યાર્થીઓના વિદ્યાકીય રેકર્ડ.

(૩) કર્મચારીઓની સેવાકીય રેકર્ડ.

(૪) આણંદ કૃષિ યુનિવર્સિટીદ્વારા કરવામાં આવેલ કરારો / મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ અંગેનારેકર્ડ.

(૫) રાજય સરકારના યુનિવર્સીટીને સંબંધિતઠરાવો, યુનિવર્સીટીના જાહેરનામા અને પરિપત્રોનો રેકર્ડ.

(૬) સંશોધન અંગેનો રેકર્ડ.

(૭) જુદા જુદા અધિકાર મંડળોની કાર્યવાહીની નોંધ.

**(૭)** **સંસ્થાની નીતિ ઘડવા અંગેના અથવા તેમના વહીવટ અંગેના જાહેર જનતા સાથેના પરામર્શ અથવા પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોય તો તેની વિગતો:-**

- લાગુ પડતુ નથી.-

**(૮)** **સંસ્થાની વિવિધ સમિતિઓ અને તેમના ભાગ તરીકે અથવા તેની સલાહ ના ઉદેશથી બે થી વધુ સભ્યો ના બનેલા એકમની બેઠકો જાહેર જનતા માટે ખુલ્લી છે કે કેમ અને આવી બેઠકો ની કાર્યવાહી નોંધ જાહેર જનતા માટે ઉપલબ્ધ છે:-**

-લાગુ પડતું નથી.-

**(૯)** **સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની નિર્દેશિકા:-**

**યુનિવર્સીટીના પ્રવર્તમાન નિયમાનુસાર લાગુ પડે છે.**

**(૧૦)** **દરેક અધિકારી અને કર્મચારી નેમળતું માસિક મહેનતાણું અને નિયમ મુજબના વળતરની પધ્ધતિની માહિતી:-**

**સરકારશ્રીના પ્રવર્તમાન નિયમાનુસાર મળે છે.**

**(૧૧)** **સંસ્થાની એજન્સી ની તમામ યોજનાની વિગતો, સૂચિત ખર્ચ અને કરેલી ચૂકવણીની અહેવાલ દર્શાવતું ફાળવેલ બજેટ:**

| બજેટ હેડ/વર્ષ | પગાર ભથ્થા (રૂા.લાખ) | | નોન-રીકરીંગ (રૂા.લાખ) | | રીકરીંગ (રૂા.લાખ) | |
|---|---|---|---|---|---|---|
| ૧૨૯૪૮ | ફાળવેલ | સૂચિત ખર્ચ | ફાળવેલ | સૂચિત ખર્ચ | ફાળવેલ | સૂચિત ખર્ચ |
| ૨૦૧૫-૧૬ | ૧૨૨.૦૮ | ૧૨૨.૦૦ | ૧૫.૬૦ | ૧૫.૨૩ | ૨૯.૦૦ | ૨૭.૦૦ |
| ૨૦૧૬-૧૭ | ૧૪૩.૦૭ | ૧૪૩.૦૧ | ૧.૬૮ | ૧.૬૭ | ૨૧.૫૦ | ૨૧.૨૭ |
| ૨૦૧૭-૧૮ | ૧૩૩.૫૦ | ૧૩૨.૨૩ | ૧૨.૭૫ | ૧૨.૨૮ | ૩૨.૦૦ | ૩૧.૨૬ |
| ૨૦૧૮-૧૯ | ૧૪૦.૪૫ | ૧૪૦.૨૧ | ૧૮.૬૭ | ૧૮.૬૬ | ૩૬.૮૦ | ૩૬.૭૪ |
| ૨૦૧૯-૨૦ | ૧૬૮.૭૦ | | ૭.૯૫ | | ૧૬૮.૭૦ | |

**(૧૨) ફાળવેલી સહાયકી અને સહાયકી કાર્યક્રમો નાલાભાર્થીઓની વિગત સહિત આવા કાર્યક્રમો નાઅમલ ની પધ્ધતિ:-- લાગુ પડતું નથી.-**

**(૧૩) સંસ્થા પાસેથી કોઈપણ પરવાનગીઓ અથવા અધિકારપત્ર અથવા છૂટછાટ/રાહત મેળવનાર અંગેની વિગતો:-- લાગુ પડતુ નથી.-**

**(૧૪) સંસ્થા પાસે ઉપલબ્ધ અથવા તેમની પાસે રહેતી વીજાણુ માધ્યમોમાંરૂપાંતર (ઇલેક્ટ્રોનિક્સફાર્મ) માહિતીની વિગતો.:-**

આણંદ કૃષિ યુનિવર્સીટીની વેબ સાઈટ www.aau.in ઈન્ટરનેટ પર ઉપલબ્ધ છે.

**(૧૫) સંસ્થામાં જાહેર ઉપયોગમાં રાખેલી પુસ્તકાલય અથવા વાંચન ખંડની સવલતો માટેના સમય સહિત, નાગરિકો ને માહિતી મેળવવા માટેની પ્રાપ્ત સગવડોની વિગતો:-**

**- લાગુ પડતુ નથી.-**

**(૧૬) સંસ્થાએ નિયુક્ત કરેલા જાહેર માહિતી અધિકારીઓ ના નામ, હોદ્દા અને અન્ય વિગતો:-**

| **જાહેર માહિતી અધિકારીનું નામ** | **હોદ્દા** | **અન્ય વિગતો:** |
|---|---|---|
| ડો. ડી.આર.કથિરિયા | આચાર્ય અને ડીન<br>કોલેજ ઓફ એગ્રીકલ્ચર ઇન્ફોર્મેશન ટેકનોલોજી<br>આણંદ કૃષિ યુનિવર્સીટી, આણંદ | - |

**(૧૭) વખતો વખત નિયત કરવામાં આવે તે પ્રમાણે ની આવી અન્ય માહિતી:-**

**- લાગુ પડતુ નથી.-**